# થાવર સેલ ટેક્સ કચેરી પર ગાંધીનગર સાબરકાંઠા અને મહેસાણા એસીબીના દરોડા

## એસઆરપી જવાન સહીત બે સેલટેક્સ ઇન્સ્પેક્ટરની ધરપકડ

ધાનેરા તાલુકાના થાવર સેલ ટેક્સ કચેરી ઉપર ગાંધીનગર



સાબરકાંઠા અને મહેસાણા એસીબી ધ્વરા દરોડા બે સેલટેક્સ ઈન્સ્પેક્ટર સહીત એસઆરપી જવાનને લાંચ લેતા ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ધાનેરા તાલુકા ના થાવર ગામે આવેલી સેટેક્સ કચેરી માં ઉઘાડી લૂંટ ચાલી રહી હતી અને વાહન ચાલકો ને અવાર નવાર પરેશાન કરી તેમની પાસે થી એન્ટ્રી ના પૈસા પાડવામાં આવી રહ્યા હતા અને વાહન ચાલકોને ભારે મુશ્કેલી નો સામનો કરવોય પડી રહ્યો હતો ત્યારે કોઈપણ વાહન ચાલાક ત્યાંથી પસાર થાય અને જો એન્ટ્રી ન ચૂકવે તો ગમે તે બહાનું બનાવી વાહન ચાલાક ને હેરાન કરવામાં આવી રહ્યા હતા ત્યારે વાહન ચાલકો ની મુશ્કેલી ને ધ્યાનમાં રાખી



ગતરાત્રે ડી વી પ્રસાદ એસીબી પોલીસ ઈન્સ્પેક્ટર ગાંધીનગર બીકે ચૌધરી એસીબી પોલીસ ઈન્સ્પેક્ટર મહેસાણા અને સાબરકાંઠા એસીબી પોલીસ ના સ્ટાફ ને સાથે રાખી ધાનેરા ની થાવર સેલટેક્સ કચેરી ઉપર છટકું ગોઠવવામાં આવ્યું હતું જેમાં નિતેશભાઈ દજાભાઈ ચૌધરી રહે મુળેટી ઈડર વાળા જે અત્યરે થાવર ની સેટેક્સ કચેરી માં એસઆરપી જવાન તરીકે ફરજ બજાવતા હતા તેમને ફરિયાદી તર્ક ચાલાક પાસે ૨૦૦ રૂપિયા એન્ટ્રી માંગી હતી અને ફરિયાદીએ ૨૦૦ રૂપિયા એન્ટ્રી આપતા એસીબી ની ટીમે રંગે હાથે ઝડપી પડ્યા હતા અને નિતેષકુમાર પરથીભાઈ ચૌધરી ટેક્સ ઈન્સ્પેક્ટર મનીષકુમાર ભાયચંદભાઈ લીમ્બાચીયા ટેક્સ ઈન્સ્પેક્ટર આમ કુલ બે ઈન્સ્પેક્ટર સહીત એસઆરપી જવાનને ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે એસીબી ના દરોડા ને લઈ અન્ય લાંચિયા અધિકારીઓ માં ફફડાટ મચી જવા પામ્યો છે.



## ધાનેરાના મામા બાપજી મંદિરમાં સફાઈ અભિયાન હાથ ધરાયું

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ધાનેરા ની કે આર આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ના વિદ્યાર્થીઓ ધ્વરા ધાનેરા ના મામા બાપજી મંદિર ની સફાઈ અભ્યાન હાથ ધરવામાં આવ્યું હતું અને ધાનેરા શહેર ને સ્વચ્છ બનવવા માટે અપીલ પણ કરી હતી. ધાનેરા શ્રી કે આર આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ધ્વરા આજે ધાનેરા ના મામા બાપજી મંદિર માં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું જેમાં કોલેજ ના વિધાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ ધ્વરા સફાઈ કરવામાં આવી હતી જેમાં મંદિર તેમજ મંદિર ના તળાવ ની સફાઈ કરવામાં આવી હતી અને ધાનેરા નગરપાલિકા ધ્વરા પણ આ કામ ને પ્રોત્સાહન પૂરું પડતા કોલેજ ના પ્રોફેસર ધ્વરા ધાનેરા નગરપાલિકા ના સત્તાધિનો પણ આભાર માન્યો હતો. દેશ માં અત્યારે સ્વચ્છ ભારત અભિયાન ચાલી રહ્યું છે જેમાં સરકાર ધ્વરા તનતોડ મહેનત પણ કરવામાં આવી છતાં પણ જ્યાં જુઓ ત્યાં ગંદકીજ ગંદકી જોવા મળી રહી છે ત્યારે આજે ધાનેરા ની શ્રી કે આર આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ના વિદ્યાર્થીઓ ધ્વરા સફાઈ કામ હાથ ધરવામાં આવ્યું હતું અને સફાઈ ની સાથે સાથે લોકો ને અપીલ પણ કરી હતી કે તમારા ઘર ની જેમ ધાનેરા શહેર ને પણ સ્વચ્છ બનવવા આવશે.

# મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘ મેઘરાજાને રીઝવવા ભગવાનના શરણે પર્જન્ય યજ્ઞ યોજ્યો

અરવલ્લી જીલ્લામાં મેઘરાજાએ રીસામણા કરતા જગતનો તાત પોતાના પાકને બચાવવા



નિસહાય બની આકાશ તરફ મીટ માંડી નીસાસા નાખી રહ્યો છે. પોતાના પાકને બચાવવા તેનો વલોપાત હૈયું ધ્રુજાવી દે છે, મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન અરૂણ પટેલ અને હોદ્દેદારોએ મેઘરાજાને રીઝવવા પર્જન્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીલ્લા કલેક્ટર એમ. નાગરાજન, સહકારી આગેવાનો, જીલ્લાના ખેડૂતો, જીલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ સહીત મોટી સંખ્યામાં જીલ્લાના ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

મોડાસા તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમને અરૂણ પટેલના જણાવ્યા અનુસાર વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બનતા મેઘરાજાને મનાવવા શાસ્ત્રોમાં પર્જન્ય યજ્ઞનો ઉલ્લેખ છે.





## ચોરીના ૨૧ મોટરસાયકલ કોટડા ગેંગના બે આરોપીઓ ઝડપાયા

સાબરકાંઠા જિલ્લામાં ચોર ઈસમો દ્વારા મોટર સાઈકલોની ચોરીઓના બની રહેલ બનાવો અંકુશમાં લેવા તથા શોધી કાઢવા માટે ચૈતન્ય રવિન્દ્ર મંડલીક પોલીસ અધિક્ષક સાહેબ સાબરકાંઠા નાઓએ એલ.સી.બી ટીમને બાતમી મેળવી તેમજ કડક વાહન ચેકીંગ અને વોચ રાખી આવા ગુન્હાઓ શોધવા ખેરોજ પો.સ્ટે. વિસ્તારમાં લાંબડીયા નજીક વોંચ ગોઠવી સોમવારે વાહન ચેકીંગ કરી આરોપી નં.(૧) સદ્દામખાન નિજામખાન ઉર્ફે કાલુખાન મકરાણી, રહે.કોટડા તાલુકા પંચાયત પાછળ, તા.કોટડા જી.ઉદેપુર રાજસ્થાન (૨) સલમાનખાન વસીરખાન મેમણ (વોરા), રહે.કોટડા સેન્ટ્રલ જેલ પાછળ, તા.કોટડા જી.ઉદેપુર રાજસ્થાનનાઓને તા.૧૩/૦૮/૧૮ ના ક.૧૧/૩૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી) મુજબ અટક કરી તેમની પાસેની મો.સા. હિરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ નંબર પ્લેટ વગરની જેથી આરોપીઓની ઉંડાણ પુર્વક પુછપરછ કરી બંને આરોપીઓએ તા- ૧૫/૦૭/૨૦૧૮ ના રોજ ઈડર પો.સ્ટે.ની હદના પ્રતાપપુરા ગામની સીમમાંથી હીરો કંપનીનુ સ્પેન્ડર ચોરી કરેલ હોવાની હકીકત ઓકાવી તથા તેઓ પાસે તેઓની ગેંગના મુખ્ય સુત્રધાર શકીલભાઈ રફીકભાઈ શેખ રહે.કોટડા છાવણી વાળો સંતાડી રાખવા આપી ગયેલ તે તથા બીજી ૧૯ મોટર સાયકલો મળી કુલ્લે મોટર સાયકલ નંગ-૨૧ કી.રૂ. ૪,૬૫,૦૦૦/- ની રીકવર કરી આરોપીઓ તથા મુદ્દામાલ ખેરોજ પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.

# અરવલ્લી જિલ્લામાં મોડાસા સહિત ૬ તાલુકા, બે શહેર મંડલના કાર્યકરોની બેઠકો યોજાઈ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં આજરોજ આગામી લોકસભા ચૂંટણી ૨૦૧૯ના સાબરકાંઠાના પાંચ પ્રભારીઓના જિલ્લા પ્રવાસનું આયોજન થતા તેમની ઉપસ્થિતિમાં મોડાસા સહિત ૬ તાલુકા અને બે શહેરોના અપેક્ષિત કાર્યકરોની દરેક તાલુકા મથકે બેઠકો યોજાઈ હતી. મોડાસામાં પણ મોડાસા તાલુકા-શહેર મંડલની સંયુક્ત બેઠક જેસીસ હૉલ મોડાસા ખાતે બેઠક યોજાઈ હતી.

જેમાં લોકસભા પ્રભારી શંકરભાઈ ચૌધરી, નટુજી ઠાકોર, હર્ષદગીરી ગોસ્વામી, પ્રદીપસિંહ વાઘેલા, વિણાબેન પ્રજાપતિ તથા જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, સાંસદ દીપસિંહ રાઠોડ જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર, મોડાસા તાલુકા પ્રમુખ હસમુખભાઈ પટેલ, મોડાસા શહેર પ્રમુખ જગદિશભાઈ ભાવસાર, શહેર મહામંત્રી યશવંતભાઈ વ્યાસ, પ્રભુદા પટેલ, ભીખુસિંહ વગેરે સહિત તાલુકા



શહેરના જે તે શક્તિકેન્દ્રોના ઈન્ચાર્જ-પ્રભારીઓ સહિતના અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લામાં જે તે તાલુકા મથકોએ આજે સવારથી સાંજ સુધી યોજાયેલી ૬ બેઠકોમાં આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે કાર્યકર્તાઓને બુથ લેવલ સુધીની કામગીરીની વિગતો સાથે જવાબદારી સુપ્રત કરાઈ હતી. જિલ્લા પ્રભારી અને લોકસભા પ્રભારી, પ્રદેશ મંત્રી હર્ષગીરી ગોસ્વામીએ ૨૧ જેટલા વિવિધ મુદ્દાઓ સાથેની શક્તિકેન્દ્રો, બુથ કક્ષામાં કરવાની કામગીરી, લોકસંપર્ક, નવા સદસ્ય વૃધ્ધિઅભિયાનની રૂપરેખા આપી હતી જયારે પૂર્વ મંત્રી અને લોકસભા પ્રભારી શંકરભાઈ ચૌધરીએ કેદ્ર સરકારે કરેલી વિવિધ વર્ગના ઉત્થાનની યોજનાઓ, કિસાનો માટે ન્યુનત્તમભાવો નક્કી કરવાની બાબતથી લઈ સરકારે દેશ અને દુનિયામાં ભારતની છબીને અને પ્રતિષ્ઠાને ઉંચી કરી ગૌરવ વધારેલ છે.

## મોડાસા તાલુકા સંઘના ઉપક્રમે જનસુખાકારી અને સુકાતી મૌલાત માટે મેઘમહેર માટે હોમાત્મક યજ્ઞ યોજાયો

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકા સંઘના ઉપક્રમે ચેરમેન અરૂણભાઈ પટેલે આજરોજ મોડાસા સંઘ ખાતે શ્રાવણ માસ નિમિત્તે હોમાત્મક યજ્ઞનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે જિલ્લા કલેકટર એમ. નાગરાજને ઉપસ્થિત રહી શુભકામનાઓ પાઠવી હતી.

ખેડૂતોનું વર્ષ સારું જાય. હાલ વરસાદ ખેંચાયો છે ત્યારે મેઘમહેર થાય અને સારો વરસાદ વરસે તેવી શુભ ભાવના સાથે યોજાયેલા આ યજ્ઞમાં વાઈસ ચેરમેન વિનુભાઈ પટેલ, સંઘના ડિરેકટર હીરાભાઈ ડિ. પટેલ તાલુકા સંઘ વતી સજોડે યજ્ઞ યજમાનપદે બેઠા હતા. આ યજ્ઞની સમગ્ર કામગીરી સહિત ભોજન વ્યવસ્થામાં સંઘના મેનેજર બચુભાઈ પટેલ અને સ્ટાફે જહેનત ઉઠાવી હતી.

### બાયડના ભીમ સૈનિકોએ બંધારણ સળગાવનાર

# અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવા મામલતદારને આવેદનપત્ર આપ્યું

બાયડ, તા. ૧૪

કેન્દ્રમાં ભાજપ સરકારના રાજમાં દલિતો પરના અત્યાચારમાં નોંધપાત્ર વધારો થતા અનુસૂચિત જાતિ સમાજના લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. દિલ્હીના જંતર મંતર પર જાહેરમાં કેટલાક અસામાજિક તત્વોએ ભારતનું બંધારણ સળગાવતા સમગ્ર દેશના અનુસૂચિત જાતિ/ જનજાતિ સમાજમાં અને લોકોમાં ભારે રોષ સાથે આક્રોશ જોવા મળી રહ્યો છે. બંધારણ સળગાવવાની ઘટનાથી અનુસૂચિત જાતિ સમાજમાં ભારે પ્રત્યાઘાતો પડ્યા છે. અરવલ્લી જીલ્લામાં અનુસૂચિત જાતિ સમાજ અને ભીમ સૈનિકોમાં બંધારણ સળગાવનાર લોકો સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ પ્રબળ બની છે. ધીરે ધીરે વિરોધનો સુર ઉઠી રહ્યો છે. બાયડ તાલુકાના ભીમ સૈનિકો અને અનુસૂચિત જાતિ સમાજના અગ્રણીઓ દ્વારા બાયડ મામલતદારને આવેદનપત્ર આપી બંધારણ સળગાવનાર અસામાજિક તત્વો સામે રાષ્ટ્ર દ્રોહ, એટ્રોસિટી એક્ટ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવા અને ભારતની નાગરિકતા રદ કરવાની માંગ કરી હતી.



બાયડ ખાતે મામલતદારને આવેદનપત્ર આપવા એકઠા થયેલ ભીમ સૈનિકોએ જય ભીમ અને ડૉ. બાબા સાહેબ આંબેડકરના નારા લગાવી સરકાર પર આક્ષેપ સાથે અમી દ્રષ્ટિના ઈશારે ભારતીય સંવિધાન સળગાવવાનું હીન કૃત્ય અને ષડયંત્રકાર્ય કાર્યની નિંદા કરવાની સાથે દેશને વિશ્વમાં ગૌરવ અપાવનાર છે. સંવિધાન એ દેશનો રાષ્ટ્રીય ગ્રંથ છે અને દેશનું સંચાલન સંવિધાન પર ચાલતું હોય અને સરેજાહેર સંવિધાન સળગવાની ઘટના દેશ માટે શરમજનક ઘટના બની હોવાથી આ અસામાજિક તત્વો સામે શખ્ત કાર્યવાહી કરવામાં આવે અને રાષ્ટ્રદ્રોહનો ગુન્હો નોંધવાની માંગ કરી હતી.

# અરવલ્લી જિલ્લા પોલીસે ત્રણ લકઝુરિસ કાર અને ટ્રકમાંથી લાખ્ખોનો વિદેશી દારૂ ઝડપ્યો

શામળાજી, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં બુટલેગરો બેફામ બનતા શામળાજી પોલિસ સ્ટેશનમાં ધાડ પાડી વિદેશી દારૂ ચોરી કરી પોલીસતંત્રનું ચીરહરણ કરતા નવનિયુક્ત પોલીસવડા મયુર પાટીલે શામળાજી પોલીસને આદેશ આપતા રાજ્યમાં પ્રથમવાર પોલીસ સ્ટેશનમાંથી વિદેશી દારૂની ચોરીનો ગુન્હો નોંધ્યો હતો અને રેન્જ આઈજી મયંકસિંહ ચાવડા પણ દોડી આવ્યા હતા. જીલ્લા પોલીસવડા મયુર પાટીલે બુટલેગરોની શાન ઠેકાણે લાવવા જીલ્લા પોલીસતંત્રને જીલ્લાની સરહદો પરથી થતી વિદેશી દારૂની ઘૂસણખોરી અટકાવવા અને દારૂબંધીની કડક અમલવારીના આદેશ થતા જીલ્લા પોલીસતંત્ર હરકતમાં આવતા અને જીલ્લાની સરહદો પરથી પ્રવેશતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા સપ્તાહમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ અને દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ શખ્સોને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. મોડાસા રૂરલ પોલિસ અને શામળાજી પોલીસે ૨૪ કલાકના સમયગાળામાં ૩ કાર અને ૧ ટ્રકમાંથી લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો.

શામળાજી પોલીસે સોમવારે રાત્રીના ૮ વાગે અણસોલ ગામની સીમમાંથી હુન્ડાઈ વર્ના કાર (ગાડી.નં.- જીજે.૫.જેએ. ૮૧૯૪)માંથી વિદેશી દારૂની બોટલ-ટીન નંગ- ૮૪ કીં. રૂ. ૩૨૪૦૦ નો જથ્થો જપ્ત કરી રાજેન્દ્ર પ્રતાપચંદ્ર ચંદેલ (રહે,૧૦૧ શ્રદ્ધા એપાર્ટમેન્ટ કાપોદરા, સુરત) અને જયપાલસિંહ ગિરધારીસિંહ ચુંડાવત (રહે, ઘનશ્યામનગર શેરી.નં.૨૦ વરાછા, સુરત)ને ઝડપી પડી મોબાઈલ નંગ-૨ અને કારની કીં. રૂ.૨૦૦૦૦૦ મળી કુલ રૂ.૨૩૭૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ખેરવાડા ઠેકાવાળા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધ્યો હતો. શામળાજી પોલીસે ૧૦ કલાકની અંદર આશ્રમ ચાર રસ્તા પુલ નજીકથી હુન્ડાઈ આઈ ટ્વેન્ટી કાર (ગાડી.નં. જીજે.૦૫જેએલ.૦૬૧૪)માંથી વિદેશી દારૂની બોટલ નંગ-૫૬૩ કીં. રૂ. ૨૨૫૨૦૦ તથા મોબાઈલ નંગ-૯ કીં. રૂ. ૨૨૦૦૦ તથા કારની કીં. રૂપિયા ૬૦૦૦૦૦ મળી કુલ રૂ. ૯૦૮૫૮૬નો મુદ્દામાલ જપ્ત કરી અશોક શંકર હોથા અને વનરાજ શંકર હોથા (રહે, હોથા ફળિયું, અણસોલ, ભિલોડા), આદિલ બરકતઅલી શેખ (રહે,૧૪૭/બી રેલવે કોલોની સામે, ગોમતીપુર) અલીહસન શાહિદ અહેમદ અન્સારી (રહે, ૧૪૪૮ સુરતી સોસાયટી, રામોલ, અમદાવાદ) ધુળનાથ ભેરુનાથ નાથ (રહે, મુખ્યમંત્રી આવાસ યોજના ઈદગાહ, ૩૦૩ શાહીબાગ, અમદાવાદ)ની ધરપકડ કરી કારનું પાયલોટિંગ કરનાર સેન્ટ્રો અને ઈકો કારના ઈસમો અને ઠેકવાળો અને માલ મોકલનાર વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્ર નગર ચોકડી નજીકથી જયપ્રકાશ જયકરણ ચૌધરી(રહે, ડીપીએસ બેરિંગ કંપનીના ક્વાટર, છાત્રાલ, અમદાવાદ) અને ઈસ્માઈલ કરીમસાબ મંજેવાર (રહે, વાજરવાડા, લાતુર મહારાષ્ટ્ર)ની કારની અટકાવી કારમાં તપાસ કરતા કારમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૦ કીં. રૂ. ૭૨૦૦૦ તથા કારની કીં. રૂ. ૪૦૦૦૦૦ તથા મોબાઈલ-૨ કીં. રૂ. ૧૦૦૦૦ તથા રોકડ રકમ રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૪૮૨૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી બંને શખ્સો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**ગુજરાત સરકાર**
**મહેસૂલ વિભાગ**
**સચિવાલય, ગાંધીનગર**

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શક્તા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) ક્રમાંક-અમ-૩૦૧૮-૫૭૭-જઅવ-૧૨૧૮-૧૪૨૧-ચ

જિલ્લો : અરવલ્લી તા. ૨૪-૭-૨૦૧૮

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શક્તા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે આ સાથે જાહેર અનુસૂચિતમાં નિર્દિષ્ટ કરેલ જમીનોની મોડાસા - શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાંખવાના જાહેર હેતુ માટે જરૂર પડવાનો સંભવ છે.

૧. આથી જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શક્તા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી સદરહું અધિનિયમ તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ - ૨ (૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોક્ત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

૨. હવે જ્યારે ઉક્ત અનુસૂચિત જમીનમાં સૂચિત પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની દરખાસ્ત રજૂ થયેલ છે ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૬-૮૬-૫૦ તે અરવલ્લી જિલ્લાની હદમાં આવેલ છે.

૩. હવે જ્યારે ઉક્ત પ્રોજેક્ટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૬-૮૬-૫૦ જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ની જોગવાઈઓ અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેરહિતમાં આવશ્યક જણાય છે.

૪. તેથી સદરહું અધિનિયમની કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શક્તા અધિકાર અધિનિયમ - ૨૦૧૩ (૨૦૧૬ની ગુજરાત અધિનિયમ-૧૨મોની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેરહિતમાં મોડાસા - શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન બનાવવાના જાહેર હેતુ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ હે.આરે.ચો.મી. ૬-૮૬-૫૦ જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ના જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે. મોડાસા - શામળાજી નવીન બ્રોડગેજ રેલવે લાઈન નાંખવાના જાહર હેતુ માટે.

**અનુસૂચિ**

**જિલ્લો : અરવલ્લી** **તાલુકો : મોડાસા** **ગામ : કોલીખડ**

| સર્વે નંબર | જરૂરી જમીનનો વિસતાર હે.આરે.ચો.મી. | સર્વે નંબર | જરૂરી જમીનનો વિસ્તાર હે.આરે.ચો.મી. |
|---|---|---|---|
| ૨૩૯ પૈકી | ૦-૦૧-૧૧ | ૨૭૨ પૈકી | ૦-૯૯-૬૩ |
| ૨૬૧ પૈકી | ૦-૧૮-૩૬ | ૨૮૨ પૈકી | ૦-૬૫-૬૫ |
| ૨૬૪ પૈકી | ૦-૪૯-૬૨ | ૨૮૩ પૈકી | ૧-૨૦-૨૩ |
| ૨૬૫ પૈકી | ૦-૪૬-૩૦ | ૨૮૫ પૈકી | ૦-૮૧-૮૫ |
| ૨૬૬ પૈકી | ૦-૫૨-૬૯ | ૨૮૬ પૈકી | ૦-૨૦-૨૭ |
| ૨૬૭ પૈકી | ૦-૪૬-૦૮ | ૨૮૮ પૈકી | ૦-૩૩-૦૧ |
| ૨૬૯ પૈકી | ૦-૪૬-૫૫ | ૨૮૯ પૈકી | ૦-૦૧-૦૯ |
| ૨૭૦ પૈકી | ૦-૦૪-૦૬ | | |
| કુલ | ૬-૮૬-૫૦ | | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના મે

સહી
(એચ. જે. રાઠોડ)
ઉપ સચિવ,

ક્રમાંક/નામાનિ/હિંમત/૨૫૫/૨૦૧૮ મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર